# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૪/૦૩/૨૦૨૫ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૪૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૧૭ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૮ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૩૫૧/૨૦૨૫**

**વેજલપુરઃ** નયનાબહેન વા/ઓ ભદ્રેશભાઈ ગાંધી (ઉ.વ.૫૭) (રહે.પુષ્પજીવન સોસાયટી બેંક ઓફ બરોડા સામે વેજલપુર રોડ જીવરાજપાર્ક) એ તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૩/૨૦૨૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે કંપની તરફથી પ્રવાહી વડે ટાઇલ્સ તથા પીતળના નકુચા સાફ કરવાના બહાને નયનાબહેન ગાંધીના ઘરે આવેલ રાહુલ નામનો પુરૂષ નયનાબહેન ગાંધીને વિશ્વાસમાં લઈ નયનાબહેનના હાથમાં પહેરેલ ૨૦ ગ્રામની સોનાની બંગડી નંગ–૨ કિમત રૂપિયા ૧,૬૦,૦૦૦/– હતી, જે સાફ કરી આપવાના બહાને કંપનીના પ્રવાહીમાં મુકી સાફ કરી બંગડી આપી જતો રહ્યો હતો, ત્યારબાદ નયનાબહેને બંગડીનું વજન ઓછું લાગતા સોનીની દુકાને જઈ વજન કરાવતા બંગડીના ૨૦ ગ્રામ વજન પૈકી ૮ ગ્રામ વજન કિમત રૂપિયા ૬૫,૦૦૦/– ઓછું હતું. આમ પ્રવાહીમાં સોનું ઓગાળી લઇ જઇ રાહુલ નામના પુરૂષે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી નિકુલસિહ ભરતસિહ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૩૫૨/૨૦૨૫**

**આનંદનગરઃ** મેહુલ મહેબુબભાઇ પેથાણી (રહે. ફૈઝે મહંમદી પાર્ક જાવેદ પાર્કની બાજુમાં જુહાપુરા) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૩/૨૦૨૫ કલાક ૦૦/૩૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જીવરાજબ્રીજ પાસે સન ગ્રેવીટાસ કોમ્પ્લેક્ષમાં બીજા માળે આવેલ આઇ હોલીક નામની પોતાની દુકાનનું તાળું તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી સર–સામાન કિમત રૂપિયા ૧,૭૯,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

**રામોલઃ** બિપીનચંદ્ર રમેશભાઇ શર્મા (રહે. આશ્રય બંગ્લોઝ બરોડા એક્સપ્રેસ હાઇ–વે ની બાજુમાં પુજા વિદ્યાલય રોડ રામોલ) એ તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૩/૨૦૨૫ કલાક ૯/૦૦ થી તા.૧૦/૦૩/૨૦૨૫ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/– મળી કુલ કિમત રૂપિયા ૧,૭૫,૦૦૦/– તેમજ જરૂરી દસ્તાવેજની ચોરી કરી ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**નારોલઃ** ચન્દ્રસિંહ ગીરધારીસિંહ રાઠોડ (ઉ.વ.૪૨) (રહે. ચૈતન્ય ટેનામેન્ટ વિભાગ–૨ શારદા સ્કુલની બાજુમાં મોની હોટલના ખાંચામા નારોલ) એ તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૧/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ઓટો રીક્ષામા આવેલ બે પુરૂષ મોની હોટલની બાજુમાં આવેલ બોમ્બે ડીલક્ષ વેર હાઉસમાં ગોડાઉન નંબર–૭૫ ના ધાબા ઉપરના શટર ખોલી જોબવર્ક માટે આવેલ જીન્સ પેન્ટ નંગ–૯૦૦ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/– ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.સાંબડ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૩૫૩/૨૦૨૫**

**વાડજઃ** હીસરોત્સુગુ ઈતારો હરા (ઉ.વ.૬૫) (હાલ રહે. રૂમ નંબર–૯૧૦ હયાત રેજન્સી ૧૭/એ આશ્રમ રોડ રીવરફ્રન્ટ જુના વાડજ અમદાવાદ શહેર, મૂળ વતન ટી–૨૦૨–૦૦૧૪–૧–૭–૭૭–૮૦૩ કુજી–માચી નિશી ટોક્યો શહેર જાપાન) એ તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૫ સવારના ૮/૦૦ થી તા.૧૨/૦૨/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રુમ નં.૯૧૦ હયાત રેજન્સી ૧૭/એ આશ્રમ રોડ રીવરફ્રન્ટ જુના વાડજ ખાતેથી સોનાનું બ્રેસલેટ કિમત રૂપિયા ૬,૫૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.એચ.સી.સંગાડ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૩૫૪/૨૦૨૫**

**નિકોલઃ** નિકોલ લીલાનગર પાટણનગર ખાતે રહેતા રાજુભાઈ રમણભાઈ પટણી નાઓના સગીર વયના પુત્રએ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિદ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી